અપીલ અરજી નં.૧૨૧ તા.૨૯–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી શેખ ઈકબાલ મુશીર તથા શેખ અનીશા ઈકબાલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ ઈકબાલ મુશીર તથા શેખ અનીશા ઈકબાલની તા.૩૦–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ તા.૨૦–૨–૦૯ ઈ.નં.૩૧૩ તા.૬–૩–૦૯ ની આવેલી અરજની નકલ, મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકાના તા.૨૭–૩–૦૯ માસ્તર સાહેબ તથા પટાવાળા પ્રકાશભાઈ કહયા પ્રમાણે ગામીત સાહેબ પર આવતાં ૪૭ તાજ સોસા.ના ફોન કોલની વિગતને નંબર અને નામ આપશો. મુદ્દા નં.(૩) ઉપરોકત સોસા.માં કેટલા લોકોને ઈમ્પેકટ ફી લાગુ પડી છે તે જણાવશો.મુદ્દા નં.(૪) કેટલા લોકોએ ફી ભરી છે તે જણાવશો. મુદ્દા નં.(૫) જે લોકોએ ઈમ્પેકટ ફી ભરી નથી તેમનું શું થયું ?અને શા માટે? મુદ્દા નં.(૬) કેટલા લોકોએ પરવાનગી લઈને બાંધકામ કર્યુ છે વિગત આપશો. મુદ્દા નં.(૭)કેટલા લોકોએ જુના બાંધકામ પછી પરવાનગી વગર વિસ્તરણ કર્યુ છે વિગત આપશો. મુદ્દા નં.(૮) જે લોકોએ પરવાનગી વગર કે પરવાનગી સાથે બાંધકામ કર્યુ છે તેને રેગ્યુલર કરવા બીપીએમસી એકટ મુજબ જોગવાઈ જણાવશો વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૨૯–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૨૧/૨૦૦૯–૧૦

શ્રી શેખ ઈકબાલ મુશીર તથા શેખ અનીશા ઈકબાલની તા.૩૦–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ તા.૨૦–૨–૦૯ ઈ.નં.૩૧૩ તા.૬–૩–૦૯ ની આવેલી અરજની નકલ, મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકાના તા.૨૭–૩–૦૯ માસ્તર સાહેબ તથા પટાવાળા પ્રકાશભાઈ કહયા પ્રમાણે ગામીત સાહેબ પર આવતાં ૪૭ તાજ સોસા.ના ફોન કોલની વિગતને નંબર અને નામ આપશો. મુદ્દા નં.(૩) ઉપરોકત સોસા.માં કેટલા લોકોને ઈમ્પેકટ ફી લાગુ પડી છે તે જણાવશો.મુદ્દા નં.(૪) કેટલા લોકોએ ફી ભરી છે તે જણાવશો. મુદ્દા નં.(૫) જે લોકોએ ઈમ્પેકટ ફી ભરી નથી તેમનું શું થયું ?અને શા માટે? મુદ્દા નં.(૬) કેટલા લોકોએ પરવાનગી લઈને બાંધકામ કર્યુ છે વિગત આપશો. મુદ્દા નં.(૭)કેટલા લોકોએ જુના બાંધકામ પછી પરવાનગી વગર વિસ્તરણ કર્યુ છે વિગત આપશો. મુદ્દા નં.(૮) જે લોકોએ પરવાનગી વગર કે પરવાનગી સાથે બાંધકામ કર્યુ છે તેને રેગ્યુલર કરવા બીપીએમસી એકટ મુજબ જોગવાઈ જણાવશો વિગેરેની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી અત્યાર સુધી મળી નથી અધિકારીઓ ફરજ પરસ્ત નથી, માહિતી અધિકારીએ જવાબ આપ્યા નથી માટે તારીખ નકકી થાય એમ નથી તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ લગભગ બે માસથી વધુ વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨૯–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૬ તા.૪–૮–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) અને અરજદારને વિલંબથી કરેલી અરજી બાબતેના ૨ માસથી વધુ વિલંબના કારણો તથા આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ માત્ર અરજદારને પાઠવેલ તા.૨૮–૪–૦૯ ના માહિતી પત્રની નકલ મળેલ છે. જયારે અરજદારે તા.૧૦–૮–૦૯ ના પત્રથી માહિતી મળી નથી તો કઈ તારીખ ગણી શકાય? આવી પરિસ્થિતિમાં વિલં બ થયાનો પ્રશ્ન ઉદભવતો નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૩૦–૩–૦૯ ની અરજીથી તાજ સોસાયટીમાં છેલ્લા ૫ વર્ષમાં થયેલા બાંધકામ બાબતે ઉપરોકત નિર્દિષ્ટ મુદ્દા નં.૧ થી ૮ થી માહિતીની માંગણી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીએ તા.૨૮–૪–૦૯ ના રોજ અરજદારને આપેલ માહિતી અનુસાર મુદ્દા નં.૧ તા.૨૦–૨–૦૯ ઈ.નં.૩૧૩ તા.૬–૩–૦૯ ની આવેલી અરજીની નકલ બાબતે ઉકત નંબરની કોઈ અરજી ઈનવર્ડ થયેલ જણાતી નથી તેવો જવાબ આપવામાં આવેલ. મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકાના તા.૨૭–૩–૦૯ માસ્તર સાહેબ તથા પટાવાળા પ્રકાશભાઈ કહયા પ્રમાણે ગામીત સાહેબ પર આવતાં ૪૭ તાજ સોસા.ના ફોન કોલની વિગતને નંબર અને નામ આપશો તે બાબતે આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. મુદ્દા નં.(૩) ઉપરોકત સોસા.માં કેટલા લોકોને ઈમ્પેકટ ફી લાગુ પડી છે તે જણાવશો. જે બાબતે ગુજરાત સરકારશ્રીના અનધિકૃત બાંધકામને નિયમબધ્ધ કરાવાના કાયદા હેઠળ ઉપરોકત સોસાયટીમાંથી કુલ –૨૨ ઈસમો ધ્વારા ઈમ્પેકટ ફી ભરપાઈ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૪ કેટલા લોકોએ ફી ભરી છે જે બાબતે ઉપરોકત સોસાયટીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કુલ્લે ૨૨ લોકોએ ઈમ્પેકટ ફી ભરી છે જેની યાદી આ સાથે સામેલ છે એટલે કે યાદી પણ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૫) જે લોકોએ ઈમ્પેકટ ફી ભરી નથી તેમનું શું થયું ?અને શા માટે? જે બાબતે આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે. મુદ્દા નં.(૬) કેટલા લોકોએ પરવાનગી લઈને બાંધકામ કર્યુ છે વિગત આપશો. જે બાબતે ઉકત સોસાયટીના બાંધકામ અંગેના લે આઉટ પ્લાન તા.૩–૭–૮૧ નં.૧૭૧૨ થી મંજુર કરી પરવાનગી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૭)કેટલા લોકોએ જુના બાંધકામ પછી પરવાનગી વગર વિસ્તરણ કર્યુ છે વિગત આપશો. જે બાબતે કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૫૩ પ્લોટ હોલ્ડરોએ જુના બાંધકામ કરી પરવાનગી વગર વિસ્તરણ કરેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.(૮) જે લોકોએ પરવાનગી વગર કે પરવાનગી સાથે બાંધકામ કર્યુ છે તેને રેગ્યુલર કરવા બીપીએમસી એકટ મુજબ જોગવાઈ જણાવશો. જે બાબતે જે લોકોએ પરવાનગી સાથે પ્લાન વિરુધ્ધ બાંધકામ કર્યુ છે તેને રેગ્યુલર કરવા બીપીએમસી

એકટમાં જોગવાઈ હોવાનું જણાતું નથી પરંતુ જે લોકોએ પરવાનગી વગર બાંધકામ કર્યુ હોય જે ડીસીઆરના નિયમ મુજબનું કરવામાં આવેલ હોય તો ડીસીઆરના નિયમ–૫,૬ મુજબ જરૂરી વધારાની રકમ વસુલ લઈ મંજુર કરી શકાય છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આ. નં.૬૧ તા.૨૮–૪–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે. તેમ છતાં અરજદારે તા.૨૯–૭–૦૯ ના રોજ કરેલ અપીલમાં માહિતી અધિકારીએ જવાબ આપેલ નથી. માટે અપીલની તારીખ નકકી થાય એમ નથી તેવી રજૂઆત તા.૧૦–૮–૦૯ ના પત્રમાં પૂરક માહિતીમાં અપીલ તબકકે પણ જવાબ મળ્યો નથી તો દિવસ–૩૦ માં કઈ તારીખ ગણી શકાય આવી પરિસ્થિતિમાં વિલંબ થયા હોવાનો પ્રશ્ન ઉદભવતો નથી તેવું જણાવેલ છે. જે બાબતે આરટીઆઈ કાયદાની જોગવાઈ મુજબ આરટીઆઈ એકટ હેઠળ માહિતી નહીં મળી હોય તો અથવા મળેલ માહિતીથી નારાજ હોય તો માહિતી મળ્યાના દિન–૩૦ માં આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ અપીલ અરજી કરવાની રહે છે. અર્થાત અરજી ફી ભરપાઈ કર્યાના દિન–૩૦ માં માહિતી નહીં મળે તો પૂરા થતાં ૩૦ દિવસ બાદ અપીલ અરજી કરવાની રહે છે. જેમાં અરજદાર નિષ્ફળ ગયેલ છે. વિલંબનું વાજબીપણું પણ યોગ્ય આપી શકેલ નથી.

જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી જોતાં મુદ્દા નં. ૨ અંગે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) અનુસાર ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ સાથે જાહેર માહિતી અધિકારીઓ પ્રત્યુત્તર સુસંગત ગણાય. મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે કોઈ યાદીની નકલ રજૂ કરેલ નથી પરંતુ અરજદારને આપ્યાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૫ અંગે થયેલ/નહીં થયેલ કાર્યવાહીની દફતરી વિગતની માહિતી આપવા યોગ્ય ગણાય. મુદ્દા નં.૬ માં માંગેલ વિગત આપેલ જણાતી નથી. મુદ્દા નં.૭ તથા ૮ અંગે આપેલ માહિતીમાં પ્રથમદર્શી તકરાર જણાતી નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની લગભગ બે માસના વિલંબથી કરેલ અપીલ અંગે વાજબીપણાની અનુપસ્થિતિમાં અરજી ગ્રાહય રાખવા ઠરે નહીં તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને રવાના કરેલ માહિતીના આધાર રજૂ કરેલ નહીં હોય કાયદાના હાર્દ અને ઉદ્દેશ લક્ષ્યમાં લેતાં શંકાનો લાભ આપી અરજદારની અરજી ગ્રાહય રાખવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારીએ તા.૨૮–૪–૦૯ ના રોજ અરજદારને પૂરી પાડેલ માહિતીની યાદી સહિતની નકલ દિન–૭ માં મોકલી આપવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૧ તેમજ મુદ્દા નં.૫ તથા ૬ બાબતે અનુક્રમે ઈનવર્ડ રજીસ્ટર તથા બાબત હેઠળની વિકાસ પરવાનગીની ફાઈલ પરથી મુદ્દા નં.૫ અને ૬ અંગે અરજદારને દિન–૭ માં દફતરી ઈન્સ્પેકશન પુરું પાડવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. તેમજ દફતરી ઈન્સ્પેકશન અંગે અરજદારની વિલંબિત અપીલ ધ્યાને લેતાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ તપાસણી ફી લાગુ પડતા કિસ્સામાં અરજદારે ભરપાઈ કરવાની રહેશે.

થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા પણ જાહેર માહિતી અધિકારીને સૂચિત કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
(૨) શ્રી શેખ ઈકબાલ મુશીર તથા શેખ અનીશા ઈકબાલ,